<u>**ફોજદારી કેસ નંબર :– ૧૯૫૦/૨૦૧૬**</u>

## <u>આંક – ૧ લગત હુકમ</u>

હાલના કેસમાં આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ થતા આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ થયેલ છે.સદર ગુનો સમરી/સમન્સ ટ્રાયબલ ગુનો છે.રેકર્ડ જોતા કેસ જુનો છે.આરોપી સામે સમન્સ /વોરંટ કાઢવા છતાં પ્રોસેસ બજેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી.ફરિયાદપક્ષ આરોપીને કોર્ટ સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ રહેલ છે. સદરહુ કેસ ઘણા સમયથી નિષ્ક્રિય અવસ્થામાં, ડેડવુડ કક્ષાએ પડી રહેલ છે, અને હવે જયારે આરોપી મળતા ન હોય ત્યારે વધુ સમય આ અવસ્થામાં કેસ પડયો રાખવો ન્યાયોચિત જણાતુ નથી.

પી. રામચંદ્ર રાવ વિ. કર્ણાટક રાજ્ય (૨૦૦૨(૨) જી.એલ.આર.પાના નં.૧૫૪૯) ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, " *The Criminal Courts should exercise their available powers, such as those under Secdtions 309, 311, 258 of the Code of Criminal Procedure 1973 to effectuate the right to speedy trial* "આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬, તા.૧૭–૧૦–૨૦૦૬ માં નામદાર ઉચ્ચ અદાલત દ્ધારા નીચલી અદાલતોને સુચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખવવા બાબતે અદાલતો તપાસ સંસ્થાને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી.કલમ – ૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આમ, હાલના કેસનું રેકર્ડ, ગુનાની ગંભીરતા તથા નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ગુજરાત હાઈકોર્ટનું માર્ગદર્શન ઘ્યાને લેતા સદર કેસમાં <u>CRPC –258</u> અન્વયેની સતાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

આરોપી વિરુઘ્ધ ના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી <u>ફોજદારી કાર્યરીતી સંહિતા –૧૯૭૩ ની કલમ ૨૫૮</u> મુજબ <u>હાલના તબક્કે</u> <u>બંધ</u> (<u>Stop</u>) કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપીને સદરહુ કેસ માંથી <u>બિન તહોમત</u> (<u>Discharge</u>)છોડી મૂકવામા આવે છે.

જો <u>આરોપી ભવિષ્યમાં મળી આવે તો</u> ફરીયાદપક્ષને <u>ફોજદારી કાર્યરીતી સંહિતા –૧૯૭૩</u> ની <u>કલમ ૩૦૦</u>(<u>૫</u>) મુજબ કાર્યવાહી કરવાની પરવાનગી આપવામાં આવે છે.

આરોપીના જામીનખત રદ કરવાનો અને જો રાકડ જામીન હોયતો તે સરકાર ખાતે જપ્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય પુરો થયા બાદ મુદામાલ પાવતીમા દર્શાવેલ મુદામાલ ( જો હોય તો) નાશ કરવાનો તથા જો કોઈ રોકડ રકમ હોય તો તે સરકારમાં નિયમ મુજબ જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૪, માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલત અન્વયે યોજાયેલ સ્પેસ્યલ સિટિંગમા જાહેર કર્યો.

તા.૧૪/ ૦૯/૨૦૨૪<br>ઉમરેઠ–આણંદ.

(પી.એ.શર્મા)<br>એડી જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ<br>ઉમરેઠ–આણંદ.